(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].



**ફો.કેસ નં. :– ૨૭૩/૨૦૨૫**
**આંક:– ૧૩નું સાંધણ**

**(શરૂ–૧૨:૧૧, પુર્ણ–૦૧:૫૬)**
**સોગંદ આપ્યા.....**

**આરોપી તર્ફે ફરીયાદી પાર્થ મનસુખભાઈ જીવાણી(ખેતી અધિકારી)ની ઉલટતપાસ વિ.વ.શ્રી કે.એન.ઉપાધ્યાય**

(૩) હું છેલ્લા ત્રણ વર્ષથી ખેતીવાડી અધિકારી તરીકે મોરબીખાતે ફરજ બજાવુ છુ. મારુ કવોલીફીકેશન બીએસસી એગ્રીકલ્ચર છે. મે આ સીવાય ચાલુ નોકરીએ ખાતરના કાયદા અંગેની તાલીમ મેળવેલ છે.

સવાલ:– ખેતીવાડી અધીકારી તરીકે આપની કામગીરી શુ હોય છે?

જવાબ:– ખેતીવાડી અધીકારી તરીકે મારે દવા, બીયારણ અને ખાતરના કાયદાનુ પાલન કરાવવાનુ છે, હું મોરબીખાતે ખેતીવાડી અધીકારી તરીકે ફરજ બજાવુ છુ અને મને હળવદ તાલુકાનો વધારાનો ચાર્જ આપેલ હોય, હળવદ તાલુકામા આ અંગે થતા ભંગની કાર્યવાહી કરવાની મારી ફરજમા આવે છે.

સવાલ:– આપના અગાઉના અધીકારી આપને વધારાનો ચાર્જ ફરીયાદ કરવા અંગે સોંપેલ હતો?

જવાબ:– હળવદ તાલુકામા ઈન્ચાર્જ ખેતીવાડી અધીકારી તરીકે સી.એ.લુહાર હતા કે જેમણે હાલની ફરીયાદનુ ખાતરનુ સેમ્પલ લીધેલ, ત્યારબાદ હળવદ તાલુકામા ઈન્ચાર્જ ખેતીવાડી અધીકારી તરીકે ટી.એ.ફળદુ આવેલ અને તેમણે તેમના બાદ ઈન્ચાર્જ ખેતીવાડી અધીકારી તરીકે મને ચાર્જ આપતા મે હાલની ફરીયાદમા દરખાસ્ત મોકલવાની કામગીરી કરેલ હતી.

સવાલ:– ટી.એ.ફળદુસાહેબે આપને ચાર્જ તેમજ દસ્તાવેજો આપ્યા અંગેનો કોઈ ઉલ્લેખ તમારી ફરીયાદ કે સરતપાસ કે નોટીસમા દર્શાવેલ નથી?

જવાબ:– ટી.એ.ફળદુસાહેબે ચાર્જ સોપ્યો હોય ત્યારે ફાઈલ મને આપેલ, તેનો પુરાવો હું સાથે લાવેલ નથી પણ હું તે રજુ રાખવા ખુશી છુ.

એ વાત ખરી છે કે હાલની ફરીયાદ મે તમામ દસ્તાવેજોના આધારે કરેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કરતા અગાઉ મે ફરીયાદના તમામ દસ્તાવેજો વાંચી, સમજી અને ત્યારબાદ ફરીયાદ કરેલ છે.

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

સવાલ:– ફરીયાદ અંગેના તમામ દસ્તાવેજો તમારી રૂબરૂમા કે હાજરીમા તૈયાર કરવામા આવેલ હોય, તેવુ બનેલ નથી?

જવાબ:– મારી રૂબરૂમા દરખાસ્ત અને ચાર્જશીટ તૈયાર કરેલ છે.

સવાલ:– તમે દસ્તાવેજોના આધારે દરખાસ્ત તેમજ ફરીયાદ દાખલ કરેલ છે?

જવાબ:– મે પૃથ્થકરણ અહેવાલમા બીનપ્રમાણીત પરીણામ આવતા દરખાસ્ત તૈયાર કરી, ત્યારબાદ ખેતી નીયામકની મંજુરી મેળવી ફરીયાદ દાખલ કરેલ.

એ વાત ખરી છે કે આ ફરીયાદ અંગે લીધેલ નમુના મારા પુરોગામી ખેતીવાડી અધીકારી લુહારસાહેબે લીધેલા. એ વાત ખરી છે કે નમુના લીધા તે સમયે હું હાજર ન હતો. એ વાત ખરી છે કે નમુનો લેનાર અધીકારીએ કઈ રીતે નમુનો લીધો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે નમુનો કોની કોની હાજરીમા, કેટલા પ્રમાણમા, કેટલા નંગ લીધેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે સદર કામે નમુનાઓ પંચો રૂબરૂ લેવામા આવેલા હોય અને નમુના કબજે કરવા અંગેનુ પંચનામુ કરેલ હોય તો તેવુ કોઈ પંચનામુ સદર કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ખેતીવાડીના કાયદા મુજબ જે નમુનામા સેમ્પલ કબજે કરવામા આવેલ તેમા પંચોની હાજરીમા પંચનામુ કરી કબજે લેવા અંગેનુ કોઈ પ્રાવધાન નથી પરંતુ ''જે'' ફોર્મ મા જવાબદાર વ્યકતીની સહી સાથે નમુનો લેવામા આવેલ છે. એ વાત ખરી છે કે કેટલા વજનમા નમુના લેવામા આવેલ, તે વિગત ફરીયાદ, સરતપાસ કે નોટીસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે નમુના પૃથ્થકરણ માટે લેબોરેટરીમા મોકલવા મે કોઈ કાર્યવાહી કરેલ નથી.

સવાલ:– નમુનો કોની સાથે, કઈ રીતે અને કયારે એફટીએલ(ફર્ટીલાઈઝર ટેસ્ટીંગ લેબોરેટરી)મા મોકલેલ તે તમે કહી શકો નહી?

જવાબ:– સામાન્યરીતે અમે પોસ્ટથી મોકલીએ છીએ અને તેની પહોંચ હું રજુ રાખવા ખુશી છુ.

એ વાત ખરી છે કે નમુનો એફટીએલમા મોકલેલ તેની પોસ્ટની રસીદ આ કામે મે રજુ રાખેલ નથી.

સવાલ:– નમુનો પ્રવાહી, ઘન, પાવડર કે હાઈડ્રોસ્કોપીક ફોમમા લીધેલ છે તેવી કોઈ વિગતો ફરીયાદ, સરતપાસ કે નોટીસમા દર્શાવેલ નથી?

જવાબ:– આ વિગત નમુના ફોમ ''પી'' મા દર્શાવેલ હોય છે.

સવાલ:– સામાન્યરીતે નમુના ઉપર વાતાવરણ એટલે કે હવા, પાણી, ભેજ કે સુર્યપ્રકાશની અસર થઈ શકે છે?

જવાબ:– સામાન્યરીતે નમુના ઉપર વાતાવરણની અસર જોવા નથી મળતી પરંતુ હાઈડ્રોસ્કોપીક નેચરનુ ફર્ટીલાઈઝર હોય તો તેવુ જોવા મળે.

સવાલ:– નમુનો લેતી વખતે મીશ્રણ યોગ્ય રીતે ન લેવાયેલ હોય તો પરીણામ વિપરીત આવી શકે છે?

જવાબ:– હું નમુનો લેતી વખતે હાજર ન હતો તેથી હું જણાવી શકુ તેમ નથી.

એ હું કહી શકુ નહી કે નમુનાની ચકાસણીમા એફટીએલમા ચકાસણી દરમ્યાન કોઈ ખામી કે ક્ષતી રહી જાય તો પણ નમુનાનુ રીઝલ્ટ વિપરીત આવી શકે.

સવાલ:– નમુનો લેવા માટે ફર્ટીલાઈઝર કન્ટ્રોલ ઓર્ડર ૧૯૮૫ના શીડયુલ ૨–૨(સી) મુજબ પધ્ધતી અનુસરવી પડે, તે વાત સાચી?

જવાબ:– ફર્ટીલાઈઝર કન્ટ્રોલ ઓર્ડર ૧૯૮૫ના ખંડ હાલ યાદ ન હોય જણાવી શકુ તેમ નથી.

સવાલ:– નમુના એફટીએલ લેબ.મા મોકલતા પહેલા તેને સીલ મારી તમારી કસ્ટડીમા રાખો, તે વાત સાચી?

જવાબ:– નમુનો સને ૨૦૨૧મા લેવાયેલ ત્યારે અમો નોકરી ઉપર ન હોય જેથી અમોને તે ખ્યાલ નથી.

સવાલ:– નમુનો લીધા બાદ કેટલા સમય પછી એફટીએલ લેબોરેટરીમા મોકલવામા આવે તે જણાવી શકો?

જવાબ:– નમુનો સને ૨૦૨૧મા લેવાયેલ ત્યારે કેટલા દિવસનો નીયમ હતો તે ખ્યાલ નથી.

સવાલ:– જયારે કોઈપણ અધીકારી નમુનો લેવા માટે જાય ત્યારે તેઓએ ફીલ્ડ ઓફ કવોલીટી કંટ્રોલની ટ્રેનીંગ લીધેલ હોવી જોઈએ, તે વાત સાચી?

જવાબ:– ફીલ્ડ ઓફ કવોલીટી કંટ્રોલની ટ્રેનીંગ અંગે ખ્યાલ નથી.

હાલ મને યાદ નથી કે નમુનો લીધા બાદ આરોપી પેઢીનો માલ સ્ટોક ડીટેન કરેલ હોય કે આરોપીઓને માલ વેચવાનો બંધ કરવા બાબતે કોઈ નોટીસ આપેલ હોય. એ વાત ખરી છે કે નમુનો લીધેલ તે પહેલા અને નમુનો લેતા સમયે આરોપીઓ ઉત્પાદન કરવાનુ તેમજ ખાતરનુ વેચાણ કરવાનુ વેલીડ લાયસન્સ ધરાવતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નમુનો લેનાર અધીકારીએ વિક્રેતા પેઢીનુ લાયસન્સ ચેક કરેલ હશે. એ વાત ખરી છે કે ફરીયાદ કરતા સમયે આરોપીઓ વેલીડ લાયસન્સ ધરાવતા હોય તો તે અંગેના અસલ કે ખરીનકલ ફરીયાદ સાથે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઝેરોક્ષ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા''*ત્યારબાદ ત્રીજા પૃથ્થકરણ માટે નમુનો નેશનલ ટેસ્ટ હાઉસ જયપુર ખાતે મોકલાવેલ જેનુ પરીણામ તા.૨૧/૧૧/૨૨નારોજ ઝેડએન ૫ ટકાને બદલે ૨.૬ ટકા અને બી ૦.૫ ને બદલે ૦.૩ ટકા જણાયેલ જેથી બીનપ્રમાણીત આવેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૮/૩થી કુલ બે ડોકયુમેન્ટ, પેજ–૪ રજુ રાખેલ જેની અસલ પ્રત આજરોજ હું રજુ કરુ છુ જે સંયુકત રજુ*

*દાખલ **આંક–૨૩.** ત્યારબાદ તા.૨૦/૦૯/૨૧નારોજ ખેતી અધીકારી સી.એ.લુહાર હળવદ ધ્વારા શ્રી એગ્રી બીઝનેશ સેન્ટર સુર્યનગરને તથા ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી. ધોળાકુવા તા.માણસા, જી. ગાંધીનગર વાળાને તથા અમો ધ્વારા તા.૦૨/૦૫/૨૪નારોજ ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી.નાઓને કારણદર્શક નોટીસ આપેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૯થી સંયુકતરીતે રજુ રાખેલ જે અસલ નોટીસો આજરોજ રજુ કરુ છુ જેમા સી.એ.લુહારની અને મારી સહી છે જે હું ઓળખુ છુ જે સંયુકત રજુ દાખલ **આંક–૨૪.** ત્યારબાદ એગ્રી બીઝનેશ સેન્ટર સુર્યનગર ધ્વારા કરવામા આવેલ ખુલાસા તથા તેની સાથે રજુ રાખેલ બીલ તથા સ્ટોક રજીસ્ટર તથા આધાર કાર્ડ, ખાતરના લાયસન્સની નકલ તા.૨૨/૦૯/૨૧નારોજના ખુલાસા સાથે રજુ કરેલ જેની નકલ ફરીયાદ સાથે માર્ક–૨/૧૦ થી રજુ રાખેલ જેના પાના નંબર ૫૧ તથા ૫૨ અસલ તેમજ પાના નંબર ૫૩ થી ૭૧ ઝેરોક્ષ નકલ સંયુકત રજુ દાખલ **આંક–૨૫.**''* જણાવેલ છે પરંતુ તેમા એફટીએલમાંથી આવેલ નમુનાના પૃથ્થકરણની તારીખ દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદ સાથે સામેલ રાખેલ પૃથ્થકરણનો એફટીએલનો અહેવાલ સામેલ રાખેલ છે તેમા તારીખ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે નમુનો લેનાર અધીકારીએ નમુનો કઈ બેગ નંબરમાંથી અને કેટલા પ્રમાણમા મેળવેલ છે તે મારી ફરયાદ કે સરતપાસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે એફટીએલમા નમુનો ફોમ ''કે'' સાથે કઈ તારીખે એફટીએલને મોકલેલ તેની તારીખ ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામા દર્શાવેલ નથી.

સવાલ:– તમોએ તમારી ફરીયાદના પેરા નં.૧૦મા એવુ જણાવેલ છે કે તા.૩૦/૦૪/૨૦૨૫થી ફોજદારી કાર્યવાહી કરવાની લેખીત સંમતી મળતા આરોપીઓ સામે હાલની ફરીયાદ માંડેલી છે તો તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ આરોપીઓ સામે કાર્યવાહી કરવાની લેખીતી સંમતી મેળવેલ હોય તો તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી?

જવાબ:– ફરીયાદમા પેરા નં.૧૦મા દર્શાવેલ તા.૩૦/૦૪/૨૦૨૫ ટાઈપીંગ મીસ્ટેકના કારણે દર્શાવાયેલ છે, ખરી હકીકતે તા.૦૩/૦૪/૨૦૨૫ છે જે આંક–૨૮થી રજુ છે.

એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કરવા અંગે મારા ઉપરી અધીકારીએ આપેલ સંમતીની તારીખમા ટાઈપીંગ મીસ્ટેક થયેલ હોવા અંગેની વિગત મે કોર્ટ રૂબરૂ આજ પહેલા જાહેર કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ દાખલ કરવા અંગે મારા ઉપરી અધીકારીએ મંજુરી આપેલ તેની તારીખ ૨૯/૦૩/૨૦૨૫ મારી ફરીયાદમા દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદમા પેરા નં.૧૦મા દર્શાવેલ તા.૩૦/૦૪/૨૦૨૫ ટાઈપીંગ મીસ્ટેકના કારણે દર્શાવાયેલ છે, ખરી હકીકતે તા.૦૩/૦૪/૨૦૨૫ છે જે આંક–૨૮થી રજુ છે. મને આંક–૨૧વાળો દસ્તાવેજ

બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા સેમ્પલની તારીખ ૨૫/૦૮/૨૦૨૧ દર્શાવેલ છે તથા લેબોરેટરીમા સેમ્પલ મળ્યા તારીખ ૩૧/૦૮/૨૦૨૧ની દર્શાવેલ છે તેમજ સેમ્પલ એનાલીસીસની તારીખ ૦૬/૦૯/૨૧ થી ૧૪/૦૯/૨૧ દર્શાવેલ છે. મને આંક–૨૨વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા સેમ્પલની તારીખ ૨૫/૦૮/૨૦૨૧ દર્શાવેલ છે તથા લેબોરેટરીમા સેમ્પલ મળ્યા તારીખ ૦૫/૦૧/૨૦૨૨ની દર્શાવેલ છે તેમજ સેમ્પલ એનાલીસીસની તારીખ ૧૪/૦૧/૨૨ દર્શાવેલ છે. મને આંક–૨૩વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા સેમ્પલની તારીખ ૨૫/૦૮/૨૦૨૧ દર્શાવેલ છે તથા લેબોરેટરીમા સેમ્પલ મળ્યા તારીખ ૨૧/૦૬/૨૦૨૨ની દર્શાવેલ છે તેમજ સેમ્પલ એનાલીસીસની તારીખ ૨૩/૦૬/૨૨ થી ૨૦/૦૯/૨૨ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આંક–૨૧, આંક–૨૨ તથા આંક–૨૩વાળા પૃથ્થકરણ અહેવાલમા અલગ અલગ તત્વોમા બીનપ્રમાણીત જાહેર થયેલ છે, એક સરખુ પૃથ્થકરણનુ પરીણામ આવેલ નથી.

સવાલ:– આપે ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી.ને નોટીસ કઈ તારીખે આપેલ તે જણાવી શકો?

જવાબ:– તા.૦૨/૦૫/૨૦૨૪ના રોજ આપેલી.

એ વાત ખરી નથી કે તા.૦૨/૦૫/૨૦૨૪ના રોજની નોટીસમા મારી સહી નથી. એ વાત ખરી છે કે તા.૦૨/૦૫/૨૦૨૪વાળી નોટીસ આપ્યા પહેલા અમોએ સદર કેસ બાબત કે ફરીયાદ બાબત કોઈ કામગીરી કરેલ નથી.

સવાલ:– તા.૦૨/૦૫/૨૦૨૪ની નોટીસ આપ્યા બાદ તા.તા.૨૭/૦૫/૨૦૨૪ સુધી તમે સદર ફરીયાદ બાબતે કોઈ કામગીરી કરેલ નથી?

જવાબ:– તા.૦૨/૦૫/૨૦૨૪ પછી પેઢીનો ખુલાસો આવતા તા.૨૭/૦૫/૨૦૨૪ના રોજ ખેતી નીયામકશ્રીને દરખાસ્ત કરેલ.

સવાલ:– આંક–૨૫વાળા દસ્તાવેજ સાથે રજુ કરેલ ઈન્વોઈસ, સ્ટોક રજીસ્ટર ફોમ–''એન'' તથા બીલોની ખરીનકલ કે અસલ ફરીયાદ સાથે નામ. કોર્ટમા રજુ કરેલ નથી કે આરોપી પાસેથી ફરીયાદના અનુસંધાને કબજે કરેલ નથી?

જવાબ:– આંક–૨૫વાળા દસ્તાવેજ સાથે રજુ કરેલ ઈન્વોઈસ, સ્ટોક રજીસ્ટર ફોમ–''એન'' તથા બીલોની ઝેરોક્ષ ફરીયાદ સાથે નામ. કોર્ટમા રજુ કરેલ છે.

સવાલ:– આંક–૨૬વાળા દસ્તાવેજ સાથે રજુ કરેલ દસ્તાવેજોની ખરીનકલ કે અસલ ફરીયાદ સાથે નામ. કોર્ટમા રજુ કરેલ નથી કે આરોપી પાસેથી ફરીયાદના અનુસંધાને કબજે કરેલ નથી?

જવાબ:– આંક–૨૬વાળા દસ્તાવેજ સાથે દસ્તાવેજોની ઝેરોક્ષ ફરીયાદ સાથે નામ. કોર્ટમા રજુ

કરેલ છે.

એ વાત ખરી છે કે આંક–૨૭ સાથે રજુ કરેલ પત્રક–૧મા તા.૩૦/૦૫/૨૦૨૪ની જણાવેલ છે. એ વાત ખરી છે કે આંક–૨૭ના પત્રક–૧મા નમુના લેનાર ખેતી અધીકારી તરીકે સી.એ.લુહારસાહેબની સહી કરવામા આવેલ નથી. આંક–૨૭વાળા દસ્તાવેજના પત્રક–૧ ના કોલમ નં.૨૬મા નેશનલ ટેસ્ટ હાઉસ જયપુરના પૃથ્થકરણ અહેવાલના આધારે કોર્ટ કેસની મંજુરી આપવા ભલામણ કરવામા આવે છે તેવુ નાયબ ખેતી નીયામક વિસ્તરણ મોરબી ધ્વારા દર્શાવેલ છે.

સવાલ:– આંક–૨૭વાળા પત્રક–૧મા કોઈપણ જગ્યાએ નમુનો લેનાર અધીકારી તરીકે તથા નાયબ ખેતી નીયામક તરીકે તમારી સહી નથી?

જવાબ:– આંક–૨૭વાળા પત્રક–૧મા ખેતી અધીકારીશ્રી તાલુકા હળવદ તરીકે મારી સહી કરેલ છે પરંતુ નમુનો લેનાર અધીકારી સી.એ.લુહારની સહી લીધેલ નથી.

એ વાત ખરી છે કે આંક–૨૭વાળા પત્રક–૧મા મે નમુનો લેનાર ખેતી અધીકારીશ્રીના હોદામા સહી કરેલ છે. સદર નમુના લેવાના બનાવના સમયે હું ફરજમા જોડાયેલ ન હોવાથી હું કહી શકુ તેમ નથી કે સદર નમુનો ખરાબ હોવા અંગે કોઈ ખેડુતોએ ફરીયાદ કરેલ હોય કે નુકસાન ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે સદર ફરીયાદ મે માત્ર દસ્તાવેજોના આધારે કરેલ હોય સદર ફરીયાદના અનુસંધાને અન્ય કોઈ કાર્યવાહી બાબતે મને જાતમાહીતી નથી. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા માટે મે ખોટી ફરીયાદ કરેલ છે.

ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૦૯/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.